ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
ધ-પ પાસે, સેકટર-૧૬
ગાંધીનગર

ક્રમાંક: પુ.ઈ.(યાં)/૧૦૯૮/ પંપીગ મશીનરી/ અમ-૩/ ૩૩૯ /...૯૮.
તા. ૨૭/૩/૯૮

વિષય : જુથ/સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાઓના સબમર્શીબલ પંપનાં તાત્કાલિક રીપેરીંગ માટે કરવાની થતી કાર્યવાહી બાબત ...

પ રિ પ ત્ર :

રાજયની પાણી પુરવઠા યોજનાઓનાં સોર્સ ઉપર બેસાડવામાં આવેલ સબમર્શીબલ પંપો, જયારે પણ બંધ પડે ત્યારે તે રીપેર કરી પાણી પુરવઠો ચાલુ કરવામાં ઘણો સમય વ્યતિત થાય છે તેમ અનુભવે જણાયેલ છે. આથી જયારે આવા પંપો બંધ પડે ત્યારે સોર્સ/યોજનામાં પાણી પુરવઠો તાત્કાલિક ધોરણે પુનઃચાલુ થાય તે માટે નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવા સૂચના આપવામાં આવે છે.

(૧) પમ્પીંગ મશીનરીનાં રીપેરીંગ કામ માટે નિયમોનુસાર ટેન્ડર્સ મંગાવી, સમયસર વાર્ષિક ભાવ કરાર કરવાનાં રહેશે.

(૨) પમ્પીંગ મશીનરી રીપેરીંગ માટેની જરુરી સંલગ્ન કામગીરી જેવી કે, પંપ બોરમાંથી બહાર કાઢવા અંગેની, ટ્રાન્સપોર્ટેશન તથા જરુરીયાત મુજબ ફીટ કરવા વગેરે બાબતોનું આયોજન પણ અગાઉથી કરવાનું રહેશે.

(3) સબમર્શીબલ પંપ/પમ્પીંગ મશીનરી માટે, જે તે પાણી પુરવઠા યોજનાના ગામ/ફળીયા તરફથી કોઈપણ માધ્યમ ધ્વારા (પત્રથી/ રુબરુમાં/ ફોનથી) ફરીયાદ મળ્યા બાદ એક દિવસમાં પમ્પીંગ મશીનરી રીપેરીંગના સ્થળે પહોંચાડવાની રહેશે. આ કામગીરી જે તે જિલ્લામાં નકકી કરવામાં આવેલ વિભાગીય કચેરી ધ્વારા કરવાની રહેશે.

(૪) ઉપર મુજબ ઠેકેદારને પહોંચાડેલ સબમર્શીબલ પંપ/પમ્પીંગ મશીનરીનાં રીપેરીંગના અંદાજની નાયબ કાર્યપાલક ઈજનેશ્રી ધ્વારા ચકાસણી કરી,

(૨) ...

(૮૮૫)



કાર્યપાલક ઈજનેરશ્રીના પરામર્શમાં રીપેરીંગની કાર્યવાહી બે દિવસમાં પૂર્ણ કરી, સદરહું મશીનરી જે તે ગામે પહોંચતી કરવાની રહેશે.

(૫) આમ, રીપેરીંગ થયેલ મશીનરી/સબમર્શીબલ પંપ જે તે યોજનાના સોર્સમાં એક દિવસમાં ઉતારીને પાણી પુરવઠો ચાલુ કરવાનો રહેશે.

ઉપર જણાવ્યા પ્રમાણે સબમર્શીબલ પંપ/પમ્પીંગ મશીનરી ફરીયાદ મળ્યા બાદ ચારથી પાંચ દિવસમાં પુનઃ કાર્યરત કરવાની રહેશે.

(૬) થયેલ કામગીરીનું વખતોવખત અધિક્ષક ઈજનેરશ્રી ધ્વારા મોનીટરીંગ કરી, માસિક પ્રગતિ અહેવાલ બોર્ડ કચેરીને સાદર કરવાનો રહેશે.

(એમ. વી. વાઢેર)
સભ્ય સચિવ

નકલ રવાના પ્રતિ :

(૧) માન. અધ્યક્ષશ્રીનાં અંગત મદદનીશ, બોર્ડ કચેરી, ગાંધીનગર
(૨) સભ્ય સચિવશ્રીનાં કાર્યકારી મદદનીશ, બોર્ડ કચેરી, ગાંધીનગર
(૩) નાણાં નિયંત્રકશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર.
(૪) મુખ્ય ઈજનેરશ્રી (સર્વે)
(૫) અધિક્ષક ઈજનેરશ્રી (સર્વે)
(૬) કાર્યપાલક ઈજનેરશ્રી (સર્વે)
(૭) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી (સર્વે)